## <u>બોટાદ ના મહે એડી. ચીફ. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબ ની કોર્ટમાં, મું.બોટાદ</u>

ફોજદારી કેસ નં.૫૬૫૬/૨૦૨૬
આંક–૭

**ફરીયાદીઃ–** **શ્રી સરકાર**

**<u>:: :: :: વિરુધ્ધ :: :: ::</u>**

**આરોપીઃ–** સુરેશભાઈ જસાભાઈ ચેખલીયા, ઉ.વ.૩૨,
રહે. સમઢીયાળા નં.૦૧ ગામ, બસ સ્ટેશન પાસે, તા.જી.બોટાદ.

<u>ગુનોઃ–ગુજરાત પ્રોહીબીશન એકટ ૧૯૪૯ તથા સુધારો ૨૦૧૬ નીકલમ–૬૫(એ)(એ), મુજબ</u>

**<u>:: ઠરાવ ::</u>**

૧.. ફરીયાદ પક્ષનાં કેસની ટુંકમા હકીકત એવી છે કે, આ કામનાં આરોપીઓએ ફરીયાદમાં જણાવેલ તારીખ, સમય, અને સ્થળે પોતાના કબ્જામાં વગર પાસ પરમીટે **<u>દેશી પીવાનો દારૂ લીટર–૦૩ કી.રૂ.૬૦૦/–</u>** રાખી રેઈડ દરમ્યાન મળી આવેલા. જેથી ફરીયાદીએ આરોપી વિરૂધ્ધ સરકાર તરફે ફરીયાદ આપતાં, ગુનો રજીસ્ટરે લઈ, તપાસ કરનાર અમલદારે આરોપીને અટક કરી, તપાસના અંતે આરોપી વિરૂધ્ધ અત્રેની કોર્ટમાં ગુજરાત પ્રોહીબીશન એકટ ૧૯૪૯ તથા સુધારો ૨૦૧૬ ની કલમ–૬૫(એ)(એ), મુજબનાં ગુના સબબ ચાર્જશીટ રજુ કરેલ છે.

૨.. ચાર્જશીટ દાખલ થયા બાદ, આરોપીને સમન્સ કરતાં, આરોપી નામદાર અદાલત રૂબરૂ હાજર થતાં, તેઓને પોલીસ તપાસનાં કાગળોની નકલ વિના મુલ્યે આપવામાં આવ્યા બાદ, આરોપીએ પોતાની ગુનાં કબૂલાત પુરશીશ રજુ રાખેલ છે અને આરોપીએ પોતાની સામેનો ગુનાનો એકરાર કરેલ છે અને ત્યાર બાોદ આરોપીની પ્લી લેતાં, આરોપીએ ફરીથી ગુનાનો એકરાર કરેલ છે. આરોપીએ એવી રજુઆત કરેલ છે કે, આ તેઓનો પ્રથમ ગુનો છે, અજ્ઞાનતામાં ગુનો બનવા પામેલ છે, ભવિષ્યમાં ફરી આવો ગુનો ન બને તેની તકેદારી રાખીશું, ગરીબ ઈસમ છીએ, જેથી દયાની અરજ ગુજારેલ છે.

૩. આમ, આરોપીની સ્વેચ્છીક ગુના કબૂલાત, આરોપીની રજુઆત, ગુંનાનું સ્વરૂપ, કેસના સંજોગો તથા આરોપીની યુવાન વય તેમજ આરોપીની આર્થીક અને સામાજીક પરીસ્થિતી વિગેરે લક્ષમાં લેતા, તેમજ સજાની જોગવાઈ ધ્યાને લેતા, ગુજરાત પ્રો. એકટની કલમ–૬૫ (એ)(એ) ની સજાની જોગવાઈ જોતા તેમા ૩ વર્ષ સુધી લંબાવી શકાય તેવી કેદની અને દંડની સજાની જોગવાઈ કરવામાં આવેલ હોય, તેના કરતા ઓછી સજાની જોગવાઈ કરવા અંગે નામ. ગુજરાત

હાઈકોર્ટનો ડીવીઝન બેન્ચ નો ચુકાદો **નટવર હરચંદજી ઠાકોર વી. ગુજરાત રાજ્ય ના ૨૦૦૫(૧) જી.એલ.આર.૭૦૯** ના સિંધ્ધાતમા પ્રસ્થાપીત કરેલ છે કે જયારે પુરતા અને વ્યાજબી કારણ હોય ત્યારે આરોપીને કાયદામાં જણાવેલ સજા કરતા પણ ઓછી સજા કરી શકાય છે. તેમજ નામ.ગુજરાત હાઈકોર્ટના ચુકાદા નં**(૧) રમેશ ભીખાલાલ સોની વી. ગુજરાત રાજ્ય જી.એલ.આર.૨૦૧૩(૨)૯૭૪** તેમજ (૨) **રાજેશકુમાર રતનલાલ સીધી ૨૦૧૫(૩૮) જી.એચ.જે. પાના નં.૩૫૪** ના ચુકાદાઓમા પણ જણાવેલે કે જયારે પુરતા અને વ્યાજબી કારણ હોય કાયદામાં જણાવેલ સજા કરતા પણ ઓછી સજા કરી શકાય, જેથી હાલના કેસમા આરોપીની રજુઆત તથા કેસના સંજોગો ધ્યાને લેતા હાલના આરોપીનો પ્રથમ ગુનો છે અને કુટુંબ કબીલાના માણસ છે અને આરોપીના સામાજીક તથા આર્થીક સંજોગો જોતા આરોપીને કાયદામાં જે સજા જણાવેલ હોય તેનાથી ઓછી સજા કરવાથી ન્યાયનો હેતુજળવાય રહેશે જેથી નીચે મુજબનો હુકમ કરૂ છું.

**:: હુ ક મ ::**

આરોપીને બી.એન.એસ.એસ.કલમ–૨૭૫ અન્વયે, ગુજરાત પ્રોહીબીશન એકટ ૧૯ ૪૯ તથા સુધારો ૨૦૧૬ ની કલમ–૬૫(એ)(એ), મુજબનાં ગુનાં અંગે તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા પ્રત્યેક આરોપી દીઠ રૂ.૩૦૦/– લેખે કુલ રૂ.૩૦૦/–(અંકે રૂપિયા ત્રણસો પુરા) દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે. દંડ ન ભરે તો દિવસ–૦૭ (સાત) ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

મુદામાલ દારૂનો અપીલ સમય બાદ નાશ કરવો.

આ હુકમ આજરોજ લોક અદાલતમા સ્પેશીયલ સીટીગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

(એન.એચ.શેખ)

તા. ૧૪ / ૦૩ /૨૦૨૬
બોટાદ

એડી.ચીફ.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
બોટાદ
(જી.જે.૦૦૮૬૩)

પહોચ નં. થી રૂ.૩૦૦/– (અંકે ત્રણસો પુરા )

વસુલ લીધા.

તા. ૧૪ /૦૩/૨૦૨૬ નાઝર